Extra No. 313

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, AUGUST 25, 2025 / BHADRA 3, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તારીખઃ ૧૪મી મે, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવાયસી/૦૪/૨૦૨૫/એસવાયસીએડી/એસએમડી/ઈ-ફાઈલ/૧૯/૨૦૨૩/૦૭૪૬/ડી(પીવાયકેકેએ સેલ)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Prant Yuva Vikas Adhikari, Class III

(Pre-service Training and passing of Post-Training Examination) Rules, 2025

પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવાયસી/૦૪/૨૦૨૫/એસવાયસીએડી/એસએમડી/ઈ-ફાઈલ/૧૯/૨૦૨૩/૦૭૪૬/ડી (પીવાયકેકેએસેલ): ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની કચેરીમાં, પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની બાબતને સંબંધિત છે ત્યાં સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩ની જગા પર નિમણૂકનું નિયમન કરતા અન્ય કોઈ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ નિયમો, નીચલી જગા પરથી બઢતીથી હોય તે સિવાય, ગુજરાત રાજ્યમાંની જગાઓ પર, પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩ તરીકે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''કરાર આધારિત જગા'' એટલે યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની કચેરીમાં, પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩ની જગા, જેના પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવી હોય;

(ગ) ''સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ'' એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની ભલામણના આધારે, પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩ની જગા પર કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવી હોય તે વ્યક્તિ;

(ઘ) "મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)" એટલે સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (SPIPA)ના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ);

(ચ) ''પરીક્ષા'' એટલે સીધી ભરતીથી નિયત વ્યક્તિઓને પૂર્વ-સેવા તાલીમ આપી હોય તેવી સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (SPIPA) દ્વારા યોજેલી તાલીમાંત પરીક્ષા;

(છ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(જ) ''સંસ્થા'' એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) અથવા સરકાર જાહેર કરે તેવી સંસ્થા;

(ઝ) ''જૂના નિયમો'' એટલે નિમણૂકની તારીખની તરત પહેલાં અમલમાં હોય તેવા નિયમો;

(ટ) ''નિર્દિષ્ટ તકો'' એટલે કોઈ વ્યક્તિએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) ''નિર્દિષ્ટ મુદત'' એટલે કોઈ વ્યક્તિએ જે મુદતની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે તેવી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. સંસ્થાકીય તાલીમ.-

સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, નીચેની જોગવાઈઓ અનુસાર સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે અને સંસ્થા દ્વારા યોજવામાં આવતી પરીક્ષા પાસ કરવાની રહેશે:-

(૧) સંસ્થાકીય તાલીમ, આઠ અઠવાડિયાની મુદત સુધીની રહેશે. આ તાલીમ, સંસ્થાએ આપવાની રહેશે;

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, તેમની સમગ્ર સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન સંસ્થાના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ)ના નિયંત્રણ હેઠળ રહેશે;

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થા તાલીમાંત પરીક્ષા યોજશે. જેમણે સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેઓની તાલીમાંત પરીક્ષા સુધી તેઓની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા:-

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાગત તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તે પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને તેની કરાર આધારિત નિમણૂકની તેની સેવા સમાપ્ત થવાને પાત્ર ઠરશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને, સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, ત્રણ કરતાં વધુ દિવસની કોઈપણ પ્રકારની રજાની અથવા ગેરહાજરીની પરવાનગી આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, ત્રણ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને સંસ્થાના મહાનિયામકને એવી ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઈ અનિવાર્ય સંજોગોના કારણે નથી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિના ગેરહાજરીના દિવસો માટેનો તેનો પગાર કપાત કરવા માટે આદેશ આપી શકશે.

૫. પરીક્ષા પાસ કરવા માટેની નિર્દિષ્ટ તકો અને મુદત:-

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, તેમની કરાર આધારિત મુદત દરમિયાન વધુમાં વધુ, ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ ન કરી શકે તેવી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને એક વધારાની તક આપવામાં આવશે, જેનો લાભ તેમની તૃતીય તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે:

વધુમાં, જૂના નિયમો હેઠળ કોઈ તકો આપવામાં આવી હોય તે વ્યક્તિને, આ નિયમો હેઠળ બાકીની તકો આપવામાં આવશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ મુદતમાં પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશે:

પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે વ્યક્તિ, તેના કાબૂ બહારના કારણોસર નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકોમાં પરીક્ષા પાસ કરી શકી નથી, તો તે કિસ્સામાં તે, લેખિતમાં કારણોની નોંધ કર્યા પછી, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, તેને, આવી તાલીમાંત પરીક્ષા પાસ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે:

વધુમાં, કોઈ વ્યક્તિ વધારાની તકોનો લાભ લીધા પછી, પરીક્ષા પાસ કરે, તો તે, જે વ્યક્તિએ તેના કરતાં પહેલાં નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ મુદતની અંદર પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર, સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર રહેશે નહિ.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષાઓ સમયસર યોજી ન શકાય અથવા તેનું પરિણામ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિની કરાર આધારિત મુદત પૂરી થાય તે પહેલાં જાહેર કરી ન શકાય, તો તેની કરાર આધારિત મુદત, તેણે છેલ્લો વધારાનો પ્રયત્ન કર્યો હોય તે પરીક્ષાના પરિણામની જાહેરાત સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાની બાબતને, એક તક તરીકે ગણવામાં આવશે.

૬. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.-

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) રહેશે;

(૨) કોઈપણ એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અસફળ ઉમેદવારને, ત્યારપછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે;

(૩) કોઈ ઉમેદવાર, પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં (પાસ થવા માટે) લાયકી ધોરણ મેળવવામાં અસમર્થ રહે તેવા કિસ્સામાં, આવા ઉમેદવારને, તે પ્રશ્નપત્ર માટેના કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ (ગ્રેસ માર્ક) આપવામાં આવશે અને ત્યાર પછી, તે (ઉમેદવાર) લાયકી ધોરણ જેટલા અથવા તેના કરતાં વધારે ગુણ મેળવે, તો તેને પાસ થયેલો જાહેર કરવામાં આવશે.

૭. પરીક્ષાનો અભ્યાસક્રમ અને યોજના,-

(૧) પરીક્ષાનો અભ્યાસક્રમ, આ નિયમો સાથે જોડેલા પરિશિષ્ટ '૧' માં જણાવ્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષા, પાંચ પ્રશ્નપત્રોની રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦(એકસો) ગુણનું રહેશે. પ્રશ્નપત્ર ૪ કે જે વર્ણનાત્મક રહેશે તે સિવાય, પરીક્ષા, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)ની રહેશે. પ્રશ્નપત્ર ૪ના ઉત્તરો પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ અનુસાર અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે.

(૩) ઉમેદવારને પ્રશ્નપત્ર ૪ સિવાયના પ્રશ્નપત્રોના ઉત્તર, પુસ્તકોની મદદથી આપવાની પરવાનગી આપવામાં આવશે, જ્યારે પ્રશ્નપત્ર ૪-ના ઉત્તર પુસ્તકો વગર આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ: "પુસ્તકો સાથે" એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત માન્ય કરેલા વિષયોનું અસલ પુસ્તક અને તેમાં કોઈપણ વિવરણો અથવા પૂર્વ કાયદાઓ સિવાયના મૂળ અધિનિયમો અને/ અથવા નિયમો અને સરકારે પ્રસિદ્ધ કરેલા અથવા માન્ય કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહનો સમાવેશ થાય છે.

૮. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષાના પુસ્તકો.- સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને, સંસ્થામાં તેમની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઈપણ જામીનગીરી અનામત મેળવ્યા વિના, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટેના પુસ્તકો પૂરા પાડવા જોઈશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, પરીક્ષા પૂરી થાય કે તરત જ પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો ખોવાઈ ગયાના અથવા તેને નુકસાન થવાના કિસ્સામાં, સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવી જોઈશે.

૯. પરીક્ષાનું પરિણામ.- મહાનિયામક, દરેક પરીક્ષાનું પરિણામ જાહેર કરશે અને તે સરકારને રજૂ કરશે.

૧૦. પરીક્ષા ખંડમાં અમુક સાધનો (ડિવાઈસ)ના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઈ).- કોઈ સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને, પેજર, સેલ્યુલર ફોન, લેપટોપ, આઈ-પેડ, સ્માર્ટ ઘડિયાળ, કેલક્યુલેટર વગેરે જેવા ઈલેક્ટ્રોનિક સંદેશા-વ્યવહારના બીજા કોઈપણ સાધનો (ડિવાઈસ) પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૧. જામીનખત અને જામીનગીરી ખત બાબત.- સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, આ નિયમો સાથે જોડેલા પરિશિષ્ટ '૨' માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં જામીનખત કરી આપવાનું રહેશે.

૧૨. પ્રકીર્ણ જોગવાઈઓ.-

(૧) મહાનિયામક, પ્રવર્તમાન સંજોગો અનુસાર, સંસ્થાકીય તાલીમ અને/અથવા પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવા અથવા સુધારો કરવા હકદાર રહેશે.

પરિશિષ્ટ- '૧'

(જુઓ નિયમ ૭ (૧))

સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ માટેની પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧. કચેરી કાર્યપદ્ધતિ, અધિનિયમો અને નિયમસંગ્રહો (પુસ્તકો સહિત) (એમ.સી.ક્યુ)

કુલ- ૧૦૦ ગુણ, સમયગાળો: ત્રણ કલાક.

૧. કચેરી કાર્યપદ્ધતિ નિયમસંગ્રહ (મેન્યુઅલ) (બિન-સચિવાલય).

૨. સચિવાલય અને ક્ષેત્રના સંબંધ.

૩. ગુજરાત વિધાનસભા નિયમો.

૪. લોકસભા/રાજ્યસભા પ્રશ્નો - તેમના પ્રકાર અને કાર્યરીતિ.

૫. રજૂઆતની પ્રણાલી.

૬. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

૭. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

૮. કામકાજના નિયમો અને તે હેઠળ બહાર પાડેલી સૂચનાઓ.

૯. વહીવટી સુધારણા - જરૂરિયાત અને પગલાં.

૧૦. ખાતાકીય પરીક્ષા નિયમો/ ભરતી નિયમો.

પ્રશ્નપત્ર ૨. સેવાને લગતી બાબતો (પુસ્તકો સહિત) (એમ.સી.ક્યુ)

કુલ- ૧૦૦ ગુણ, સમયગાળો: ત્રણ કલાક.

૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

૨. ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮).

૪. કામગીરી મૂલ્યાંકન અહેવાલ સંબંધિત નીતિ.

૫. રાજ્ય સરકારની અનામત નીતિ અને રોસ્ટર રજિસ્ટર (રોસ્ટર રજિસ્ટર કેવી રીતે તૈયાર કરવું/ નિભાવવું અને રોસ્ટર પોઈન્ટની ફાળવણી કરવી)

૬. ગુજરાત જાહેર સેવા આયોગ (પરામર્શ) વિનિયમ, ૧૯૬૦.

૭. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

પ્રશ્નપત્ર-૩. નાણાકીય બાબતો (પુસ્તકો સાથે) બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQs)

કુલ-૧૦૦ ગુણ, સમયગાળો: ત્રણ કલાક.

૧. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), (વોલ્યુમ-૧)

૨. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

૪. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૮૮.

૫. ગુજરાત રાજ્ય પ્રાપ્તિ નીતિ (Gujarat State Procurement Policy).

૬. મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

પ્રશ્નપત્ર-૪. નોંધલેખન અને મુસદ્દા લેખન (પુસ્તકો વગર)

કુલ-૧૦૦ ગુણ, સમયગાળો: ત્રણ કલાક.

૧. અંગ્રેજી અને ગુજરાતીમાં નોંધલેખન અને મુસદ્દા લેખન.

૨. જાહેર સંબંધો અને પ્રત્યાયન (કોમ્યુનિકેશન).

૩. જાહેર અને અન્ય સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર

૪. હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)ને લગતી બાબતો - પરિચ્છેદ પ્રમાણે વિશેષ નોંધ (રિમાર્ક્સ) તૈયાર કરવી, સોગંદનામું ફાઈલ કરવું વગેરે અને "વિગતદર્શક હુકમ"નો મુસદ્દો તૈયાર કરવો.

૫. વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત.

૬. વિવિધ પ્રકારના સરકારી હુકમો, તેનો ઉપયોગ; મહત્વ (સરકારી ઠરાવ, જાહેરનામું, પરિપત્ર, કચેરી હુકમ, યાદી પત્ર વિગેરે).

૭. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.

૮. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.

પ્રશ્નપત્ર-૫. ભારતનું સંવિધાન અને કચેરીને લગતા નિયમો, યોજનાઓ, પ્રવૃત્તિઓ (પુસ્તકો સાથે) બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQs)

કુલ-૧૦૦ ગુણ, સમયગાળો: ત્રણ કલાક.

૧. મૂળભૂત અધિકારો

૨. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો.

૩. જાહેર સેવા આયોગ (અનુચ્છેદ ૩૧૫ થી ૩૨૩).

૪. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ.

૫. ચૂંટણી પંચ.

૬. નાણા પંચ.

૭. સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી.

૮. યુવા અને સાહસિક પ્રવૃત્તિઓ; યુવા પ્રવૃત્તિઓ યોજના નિયમો: સાહસિક પ્રવૃત્તિઓ યોજના નિયમો; સાહસ, શૌર્ય, સેવા, તબીબી અને જાહેર સુખાકારી: યુવા અવોર્ડ.

૯. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ; સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજના નિયમો; સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજના અમલીકરણ.

૧૦. યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની કચેરીનું વહીવટી માળખું અને કાર્યો.

૧૧. યુવા નીતિ.

૧૨. કલા મહાકુંભ.

૧૩. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ યોજના.

૧૪. સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ યોજના.

પરિશિષ્ટ- '૨'

(જુઓ નિયમ ૧૧)

જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું ..... વિભાગના તારીખઃ.....ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ.....માં જણાવેલી ..... ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી, ''સરકાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો તેમના હોદ્દાના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલા પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કર્યો હોવાથી અને તે સરકારને ચૂકવવાનું થતું હોવાથી, સંસ્થા દ્વારા મને આપવામાં આવેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ. ..... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ હોય, તો તેની સરકારને ખાતરી થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂક પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીન-ખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને સદરહુ નિયમોમાં (જે નિયમો આ ખતના એક ભાગરૂપ ગણવામાં આવશે) જણાવેલા નિયત કરાર અને શરતોનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે:

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦.....ના ..... મહિનાની ..... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી.

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોંપ્યું:-

(૧) સહી અને પૂરું સરનામું:

(૨) સહી અને પૂરું સરનામું:

જામીનગીરી

અમે, ... અને ....., રહેવાસી ..... તાલુકો..... જિલ્લો ....., તે ઉપરના નામવાળા .....ના (જેનો આમાં હવે પછી, ''ઉમેદવાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ હોય, તો તેની સરકારને ખાતરી થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કર્યો હોવાથી, સંસ્થાએ તેને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઈ કરવા બંધાયેલો હોય, તે રકમ, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજ્યપાલને (જેનો આમાં હવે પછી, ''સરકાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુક્ત અને વ્યક્તિગત રીતે બંધાઈએ છીએ અને અમે કબૂલ થઈએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે; અને વધુમાં અમે કબૂલ થઈએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી બોલીઓ અને શરતમાં કોઈ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુક્ત થઈશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુક્ત અને વ્યક્તિગત રહેશે.

સદરહુએ સન ૨૦.....ના .....મહિનાની .....તારીખે સહી કરી અને સોંપ્યું.

તારીખ: જામીનની સહી

સ્થળ: પૂરું સરનામું અને ધંધો

તારીખ: જામીનની સહી

સ્થળ: પૂરું સરનામું અને ધંધો

સાક્ષીની હાજરીમાં

સહી:

સાક્ષીનું પૂરું સરનામું અને ધંધો:

સહી:

સાક્ષીનું પૂરું સરનામું અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુનિલ સલુજા,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.02 19:25:06 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar